મોદીએ કેશુબાપા-કનોડિયા બંધુઓને શ્રદ્ધાંજલિ આપી

નરેન્દ્ર મોદીએ પરિવારને મળી સાંત્વના આપી : અમદાવાદ એરપોર્ટથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીધા ગાંધીનગર કેશુભાઈ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા

ગાંધીનગર,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસનાં ગુજરાત પ્રવાસે છે. કેશુભાઈ પટેલનાં ગુરૂવારે નિધન બાદ તેમણે ગુજરાત પ્રવાસનાં કાર્યક્રમમાં ફેરફાર કર્યો હતો. પીએમ મોદી સવારે ૯:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. જ્યાં સીએમ વિજય રૂપાણી, રાજ્યપાલ, પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ, અમદાવાદનાં મેયર બિજલ પટેલે તેમનું કોવિડની ગાઈડલાઈન પ્રમાણે સ્વાગત કર્યું હતું. એરપોર્ટથી પીએમ મોદી સીધા ગાંધીનગર કેશુભાઈ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. જ્યાં તેમણે કેશુબાપાને શ્રદ્ધાંજલિ અર્પી તેમના પરિવારને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ તેઓ મહેશ-નરેશ કનોડિયાના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં તેમણે બંન્ને બંધુઓને શ્રદ્ધાંજલિ આપીને કનોડિયા પરિવારને સાંત્વના આપી હતી.

ત્યાર બાદ તેઓ ગાંધીનગર હેલિપેડથી કેવડિયા જવા રવાના થયા છે. પીએમ મોદી એ આજે અહીં આવીને અમોને સાંત્વના આપી છે અમે એના માટે આભારી છીએ. બાપાને કોવિડ થયો હતો ત્યારથી પીએમ બાપાની ખબર પૂછતા રહ્યા હતા. આજે પણ બાપાની લાસ્ટ મોમેન્ટ કેવી રહી તે અંગે પૂછ્યું હતુ. પરિવારના સભ્ય તરીકે તેઓ અમારી વચ્ચે ઉપસ્થિત રહ્યા અને ખૂબ જ સારુ ટ્રીબ્યુટ આપ્યું. અમને ઘણું સારુ લાગ્યું છે દિલસોજી પાઠવવા બદલ આભારી છીએ. હિતુ કનોડિયાએ જણાવ્યું કે, પીએમ મોદી આટલી વ્યસ્તતામાં પણ અહીં આવ્યા અને શ્રદ્ધાં સુમન અર્પણ કર્યા. પીએમ મોદીએ અમને બે વાક્ય કહ્યા, આ બંન્ને ભાઈઓનો અપાર પ્રેમ અને ભાઈઓ અમર થઈ ગયા છે. તેમણે જોયું કે, ફોટા નીચે તારીખ નથી લખી, તેમણે કહ્યું કે, સારૂ છે તારીખ નથી લખી આ બંન્ને ભાઈઓ અમર થઈ ગયા છે. તેમણે આ રીતે જે શબ્દાજંલિ આપી તે અમારા માટે ગર્વની વાત છે.

સેન્ટ્રલ વર્જમાં યોગ્ય ટ્રીમીંગના અભાવે વાહન ચાલકો પરેશાન

માર્ગ વચાળે લટકતી ડાળીઓના લીધે માર્ગ સલામતી જોખમાઇ

સેન્ટ્રલ વર્જમાં સાઇડમાં ટ્રીમીંગ કરવાની અનિવાર્યતા

ગાંધીનગર તા ૩૦

શહેરના સેન્ટ્રલ વર્જને સોહામણો બનાવવા માટે તંત્ર દ્વારા રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ પ્લાન્ટેશન કરાયુ છે. પરંતુ તેની સમયસર જાળવણી કે ટ્રીમીંગ થતુ નથી. હાલ ઘ માર્ગ પર યોગ્ય ટ્રીમીંગના અભાવે માર્ગ વચાળે ડાળીઓ લટકતી જોવા મળે છે. સેન્ટ્રલ વર્જની સાઇડમાં ઉગી નિકળેલી ડાળીઓ વાહનચાલકો માટે પણ જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે. સેન્ટ્રલ વર્જમાં યોગ્ય ટ્રીમીંગ થાય તે અનિવાર્ય છે.

શહેરમાં સેન્ટ્રલ વર્જમાં ઉગી નિકળેલી વનસ્પિત અને પ્લાન્ટેશનના અંતે યોગ્ય ટ્રીમીંગ ન થવાના લીધે વાહનચાલકોને વિઝન મળતુ નથી. જેના લીધે માર્ગ સલામતી જોખમાઇ છે. આવા સંજોગોમાં ઘ માગ પર સેન્ટ્રલ વર્જમાં ટ્રીમીંગ કર્યા બાદ પણ માર્ગ વચાળે કચરો પથરાયો છે. આ ઉપરાંત મુળિયામાં ઉગી નિકળેલા ડાળા માર્ગ વચ્ચે આવી જતા વાહનચાલકો માટે ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી સ્થિતિ છે. સેન્ટ્રલ વર્જમાં ઉગી નિકળેલી બિનજરૂરી વનસ્પતિના લીધે વાહનચલાકો પરેશાન છે. સેન્ટ્રલ વર્જમાંથી બહાર નિકળેલા જાડી જાંખરા વાહનચાલકો માટે અવરોધરૂપ બન્યા છે.

શહેરના ઉભા અને આડા માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં બિનજરૂરી ઘાસની સાથે વનસ્પિતની ડાળીઓ લટકીને માર્ગ વચાળે આવી ગઇ છે. જેના લીધે ટુ વ્હીલરના વાહનચાલકો પરેશાન છે. આમછતા આ ઠેકાણે યોગ્ય ટ્રીમીંગ થતુ નથી ઘ-૨ ના સર્કલ પાસે પણ આવી જ સ્થિતિ છે. ટ્રીંગીંગ કરવામાં આવ્યુ પરંતુ માત્ર ઉપરથી જ ટ્રીમીંગ કરીને કામગીરી ઓટોપી લેવાતા સેન્ટ્રલ વર્જની સાઇડમાં હજુ પણ લટકતી ડાળીઓ બાઇક ચાલકોના મોઢે અથડાય છે. આ સ્થિતિને ધ્યાને લઇ ત્વરિત ટ્રીમીંગનુ કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સ્માર્ટ સીટીનો નવો લુક- સેકટરોમાં તુટેલા બાકડાનો ઢગ

દુવિધાઓથી ઘેરાયેલી કંગાળ ફુટપાથ પર તુટેલા બાકડાનુ સામ્રાજ્ય : વોકીંગ કરનારાઓને પણ હાલાકી

ગાંધીનગર તા ૩૦

શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ માર્ગ નિર્માણ તેમજ સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીના લીધે ફુટપાથ ફંગોળાઇ ગઇ છે. નજર નાંખો ત્યાં વોક વે પર ઠેર ઠેર મોટામસ ગાબડા જોવા મળે છે. એકબાજુ તોતિંગ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ ફુટપાથને ઘેરી વળી છે. બીજીતરફ સેકટરવાસીઓએ સોર્ટ કટસ શોધવા માટે મોટા છીંડા પણ પાડી દીધા છે. ત્યારે સ્માર્ટ સીટીની ફુટપાથ કંગાળ હાલતમાં જોવા મળી રહી છે. અધુરામાં પુરુ ફુટપાથ પર કોર્પોરેશન દ્વારા મુકાયેલા બાકડા પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. વોકીંગ કરતા સિનિયર સિટીઝન્સ આરામથી બાકડા પર બેસી શકે તે માટે વોક વે પર કેટલાક ઠેકાણે બાકડા મુકવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત જિલ્લામાં ૨૧૨૮ બાળકોને પ્રવેશ ફળવાયો

૨૦૮૬ બાળકોના પ્રવેશની પ્રક્રિયા સંપન્ન : આ વર્ષે ૨૨૦૦ થી વધુ બાળકો ખાનગી શાળા છોડી સરકારી શાળામાં દાખલ થયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૨૧૨૮ બાળકોને રાઉટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત તંત્ર દ્વારા એડમીશન ફાળવી આપવામાં આવ્યા છે જેમાં ૪૨ વિદ્યાર્થીઓએ હજુ તેમના એડમીશન લીધા નથી.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ગરીબ બાળકોને મનગમતી શાળામાં પ્રવેશ આપવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવે છે.

જિલ્લામાં આ વખતે ૪૮૭૪ અરજીઓ પ્રવેશ માટે તંત્રને મળી હતી. જેમાંથી ૩૦૮૧ અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવી હતી. ૫૬૮ અરજીઓમાં ક્ષતિઓ જણાતાં તે રદ કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ત્રણ રાઉન્ડમાં આ પ્રવેશ આપવાની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવતી હોય છે. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૨૧૦૮ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. આ પછી બીજા રાઉન્ડમાં ૧૮૩ બાળકોને પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો હતો. જ્યારે ત્રીજા અને અંતિમ રાઉન્ડ ગત ૨૩મીના રોજ સંપન્ન થતાં ૭૭ બાળકોને પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

રવિ પાકના વાવેતર માટે સાનુકૂળ હવામાનનો અભાવ

જિલ્લાના ખેડૂતો ભારે ચિંતાતુર : બટાટાનું મોંઘુ બિયારણ હોવાથી વાવેતર વિસ્તાર ઘટવાના સંકેતો : ચણા, ઘઉં અને તમાકુના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવનાઓ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું આગમન અને દિવસના તાપમાનમાં હજુ ઘટાડો ન થતાં રવિ સીઝનનું વાવેતર થોડુક વિલંબથી થવાના સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં બટાકાનું વાવેતર કરવામાં પણ મોંઘુ બિયારણ હોવાથી ખેડૂતો હજુ અવઢવમાં છે. જોકે ઘઉંના બિયારણનો ભાવ ગત વર્ષની સરેરાશ ભાવે જળવાઈ રહેવા પામ્યો છે.

રવિ સીઝનનું વાવેતર જિલ્લામાં ૭૦ હજાર હેક્ટરની આસપાસ થતુ હોય છે. જોકે છુટા છવાયા વિસ્તારોમાં રાઈ, ચણાનું વાવેતર થવાના અહેવાલો છે. રવિ સીઝનમાં ઠંડી અને દિવસનું તાપમાન ઘટે તે પછી વાવેતરમાં વેગ આવે છે. ઘઉં અને બટાટાનું વાવેતર ઠંડી વખતે જ જોવા મળે છે.

જિલ્લામાં ગત વર્ષે ૮ હજાર હેક્ટર વિસ્તારમાં બટાટાનું વાવેતર થયુ હતુ. આ વખતે તેમાં મોંઘા બિયારણને કારણે ઘટાડો થઈ શકે છે તેવી વાતો પણ ખેડૂત આગેવાનો સાથેની ચર્ચામાં થતી સાંભળવા મળે છે. પંજાબથી બિયારણ લાવવામાં આવે છે અને તેનો ભાવ ઘણો ઉંચો છે.

જો કે કેટલાક લોકો એવુ કહી રહ્યા છે કે કોન્ટ્રેક્ટ ફાર્મિંગને કારણે ગત વર્ષ જેટલુ તો વાવેતર લગભગ પહોંચી જશે પરંતુ વચ્ચે તો નો ઉપયોગ કરી વાવેતર ઘટવાના સંકેતો આપે છે.

જિલ્લામાં ચણા, તમાકુ અને ઘઉંના વાવેતર વિસ્તારમાં વૃદ્ધિ થવાના સંકેતો પણ મળી રહ્યા છે. આ વર્ષે ચણાનો ભાવ અને ઘઉંના ભાવ સારા મળ્યા હોવાથી ખેડૂતોમાં તે માટે ઉત્સાહ જોવા જરૂર મળી રહ્યો છે પણ રવિ સીઝનની વાવણીને લાયક હજુ હવામાન થોડુક પ્રતિકૂળ છે.

આગામી એકાદ પખવાડિયામાં સાનુકૂળ વાતાવરણ થશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે કૃષિ વૈજ્ઞાનિકો પણ ૧૫ નવેમ્બર પછી જ ઘઉં અને બટાટાનું વાવેતર કરવાની સલાહ હમણાં આપી રહ્યા છે. સામાન્યતઃ ૧લી નવેમ્બરથી રવિ સીઝનની વાવણીનો આરંભ થતો હોય છે.

હાલ મગફળી અને અન્ય ખરીફ ઉત્પાદનોના વેચાણમાં ખેડૂત વ્યસ્ત છે અને તેથી તેમજ રવિ સીઝનના વાવેતરને અનુરૂપ સાનુકૂળ હવામાન નહિ હોવાથી વાવણીમાં થોડોક વિલંબ થશે તેમ જાણવા મળેલ છે. શ્રમિકોની અછત પણ તેમાં એક કારણ હોવાનું કહેવાઈ રહ્યું છે.

શહેરમાં ૧૭ નવા કેસ : ૨૨ને ડિસ્ચાર્જ

સે. ૪ માં એક જ પરિવારના ૩ ને કોરોના : સે. ૨૫ માં વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટમાં, સે. ૭ માં ૨, સે. ૩ માં પણ ૨, સે. ૧૨, ૨૬, ૨૭, ૨૯, ૧, ૨, ૫ અને સે. ૬ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સહેરમાં આજે કોરોનાના વધુ ૧૭ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૮૫૩ થઈ છે.

શહેરમાં જે રીતે અને જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ શહેરમાં સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તેના માટે કડક અમલીકરણની પણ તાકીદ કરી છે.

શહેરમાં આજે પણ ૮ મહિલા કોરોના સંક્રમિત થયેલ દર્દીઓમાં મળી છે જેથી તંત્રની ચિંતા વધી છે. આજે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરનાર દર્દીઓની સંખ્યા વધુ છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં રહી સારવાર મેળવનાર દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે.

શહેરમાં આજે સે. ૨૫ માં બે, સે. ૪ માંથી ૩, સે. ૭ માંથી ૨ અને સે. ૩ માંથી બે કેસ ઉપરાંત સે. ૧૨, ૨૬, ૨૭, ૨૯, ૧, ૨, ૫ અને સે. ૬ માંથી કેસો મળી આવ્યા છે.

આજે સે. ૧૨માંથી ૮ વર્ષની નાની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સેક્ટર-૨૫ માં આજે એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટમાં આવી ગયુ છે. ૭૫ વર્ષીય વૃદ્ધ અને ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૪ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૪ ને કોરોના માટે સંવેદનશીલ કેટેગરીમાં મુકવામાં આવ્યુ છે. તંત્રએ અહિ સર્વેલન્સ પણ સઘન કરવા માટેની તાકીદ કરી છે.

સે. ૪ માંથી ૪૮ વર્ષીય ગૃહીણી, સે. ૨૫ સ્થિત ખાનગી કંપનીમાં નોકરી કરતો ૨૬ વર્ષીય યુવાન તેમજ એમ.બી.એ.નો અભ્યાસ કરતી ૨૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દી એક જ પરિવારમાંથી મળી આવ્યા છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ માં રહેતી અને લેકાવાડા ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજો બજાવતી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૨૯ માં રહેતા અને લિંકન ફાર્મા કંપનીમાં એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરતા ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૬ માંથી ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માં રહેતી અને ઈન્ફોસીટીમાં ખાનગી કંપનીમાં નોકરી કરતી ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧ માં રહેતા અને સાબરકાંઠામાં ફિઝીયોથેરોપીસ્ટ તરીકે ફરજો બજાવતા ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨ માં રહેતા અને જામનગર ખાતે વેપાર સાથે સંકળાયેલ ૩૫ વર્ષીય યુવાનનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૭ માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

સે. ૭ માં રહેતા અને રિયલ એસ્ટેટનો ધંધો કરતા ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત તલોદ ખાતે આવેલ પેટ્રોલ પંપના માલિક જે સે. ૭માં રહે તે ૪૧ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૪૮ વર્ષીય પુરૂષ જે પ્રિન્ટીંગના વ્યવસાય સાથે સંકળાયેલ છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નિવૃત્ત કર્મયોગીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સચિવાલયના મત્સ્યઉદ્યોગ વિભાગમાં નોકરી કરતી અને સે. ૬ માં રહેતી ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૧૬૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બની વકર્યો

જિલ્લામાં ૧૬ કેસમાંથી ગાંધીનગરમાં ૧૦ કેસ તો કલોલમાં ૩ કેસ માણસામાં બે કેસ અને દહેગામમાં ૧ કેસ : ૧૧૧ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બની ગયો છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૧૬ કેસમાંથી ગાંધીનગર તાલુકામાં ૧૦ કેસ ગાંધીનગરમાં નોંધાયા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના સંક્રમણના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. મોટી વયના દર્દીઓની સંખ્યા અને મહિલા દર્દીઓની સંખ્યા પણ વધી રહી હોવાથી તંત્રની ચિંતા ઓછી થઈ નથી.

જિલ્લામાં એન્ટીજન ટેસ્ટમાં કેટલા પોઝીટીવ દર્દી મળી આવ્યા તેને લઈ તંત્ર હજુ પણ મૌન સેવી રહ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે કારણ કે હવે ગ્રામ્ય વિસ્તારમાં વધુ ને વધુ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૧ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય અને કન્ટેનમેન્ટ એરિયાનું અસરકારક અમલીકરણ થાય તે માટે પણ કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૧૦, દહેગામમાં એક, માણસામાં બે અને કલોલમાં ૩ કેસ નોંધાયા છે. આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ મહિલાઓ સંક્રમિત થયેલી મળી આવી છે.

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામેથી ૨, રૂપાલમાંથી ૩, કુડાસણમાંથી ૩-૩ કેસ મળી આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામેથી ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. લવારપુર ગામેથી ૩૪ વર્ષીય કર્મયોગી અને ૩૦ વર્ષીય ગૃહણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તાલુકાના યાત્રાધામ રૂપાલ ગામેથી આજે ૩ કેસ મળ્યા છે. ૫૮ વર્ષીય પુરૂષ, ૩૫ વર્ષીય યુવાન તેમજ ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

જુના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી માટે દરખાસ્ત થશે

વરસાદી દિવસોના અંતે સેકટરોમાં તબક્કાવાર માર્ગોનુ પેવર કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૩૦

શહેરમાં કોરોના કાળ દરમિયાન માર્ગ સુધારણાનુ કામ બંધ થઈ ગયુ હતુ જયારે વરસાદી દિવસો દરમિયાન પણ માર્ગ સુધારણાની કામગીરી થઈ શકે તેમ ન હતી જયારે હવે વરસાદી દિવસોના અંતે સેકટરામાં માર્ગોની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે જુના સેકટરોમાં પણ બાકી રહેતા માર્ગોનુ કામ પુર્ણ થયા તેવી માંગ ઉઠવા પામી છે. આ મામલે તંત્ર કક્ષાએથી પણ સર્વે કરીને જુના સેકટરોમાં જરૂર મુજબ માર્ગોનુ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે તેવી દરખાસ્ત કરવામાં આવશે.

શહેરના સેકટરોમાં વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાનુ કામ બાકી છે. જયારે કેટલાક સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવાયુ છે. એકબાજુ કોરાના કાળમાં પણ માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી જયારે વરસાદી દિવસોમાં પણ માર્ગોના કામો હાથ ધરી શકાય તેમ ન હતા. આવા સંજોગોમાં છેલ્લા ઘણાં સમયથી શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી ખોરંભે પડી હતી જો કે છેલ્લા કેટલાક દિવસોથી નવા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICE
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com